# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આગામી ત્રણ વર્ષમાં ભારત વૈશ્વિક નવિનતા સૂચિમાં ટોચના 10 દેશેમાં સ્થાન પામશે તેવી નેમ વ્યક્ત કરી - ગાંધીનગરમાં બે દિવસની સ્ટાર્ટ-અપ પરિષદનો પ્રારંભ
2) રાજ્યભરમાં “સ્વસ્થ નારી સશક્ત પરિવાર ” અભિયાન હેઠળ છ દિવસમાં કુલ 51 હજાર 764 જેટલી આરોગ્ય ચકાસણી શિબિર યોજાઈ
3) દક્ષિણ ગુજરાતમાં આગામી 24 કલાક ભારે વરસાદની આગાહી
4) બોટાદનાં યોગ સ્પર્ધક ક્રાતિમા હિરાણી વિએતનામમાં વિશ્વ યોગ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , દેશમાં ગત એક દાયકામાં સ્ટાર્ટ-અપ ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે, જેના પરિણામે ભારત આજે વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ તંત્ર બન્યું છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે બે દિવસની સ્ટાર્ટ-અપ પરિષદનો પ્રારંભ કરાવતા શ્રી શાહે સ્ટાર્ટ-અપ વ્યવસ્થાને નવા ભારતની કરોડરજ્જૂ સમાન ગણાવી. તેમણે આગામી ત્રણ વર્ષમાં યુવાશક્તિના આધારે ભારત વૈશ્વિક નવિનતા સૂચિમાં ટોચના 10 દેશમાં સ્થાન પામશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો.

રાજ્યમાં સ્ટાર્ટ-અપ ક્ષેત્રે લેવાયેલા પગલાને આવકારતા શ્રી શાહે કહ્યું , 16 હજાર સ્ટાર્ટ-અપ સાથે ગુજરાત આજે દેશમાં અગ્રણી છે. તેમણે દેશના અન્ય રાજ્યોને ગુજરાતનો આઈ-હબ નમૂનાને અપનાવવા પણ સૂચન કર્યું.

(BYTE: AMIT SHAH, HOME MINISTER)

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન પૂરું પાડવા મોદી સરકારે વ્યાપક પગલા લીધા છે. અને સેમિ—કન્ડકટર જેવા ઉભરાતા ક્ષેત્રના દ્વાર યુવાનો માટે ખોલ્યા છે. રાજ્યમાં આ વર્ષે ચાર પ્રાદેશિક સ્ટાર્ટ-અપ કેન્દ્ર અને છ સરકારી સંસ્થામાં કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. પ્રયોગશાળા બનાવાશે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું.

. . . . .

# AMIT SHAH MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર અતિથિ ગૃહ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ. તેમાં ટ્રન્ક લાઇન તથા બાવળા , સાણંદ અને કલોલ વિસ્તારના વરસાદી પાણીના નિકાલ અને ગટરના વિવિધ કામ અંગે ચર્ચા કરવામાં આવી. સાથે જ વરસાદી પાણીના નિકાલ માટે મોજણી કરી ટૂંકા તથા લાંબા ગાળાના ઉપાય રજૂ કરાયા. શ્રી શાહે આ ઉપાય અંગે ચોમાસાની ઋતુ પહેલા કાર્યવાહી પૂર્ણ કરવા સૂચન આપ્યા.

સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ , મુખ્યસચિવ પંકજ જોષી , શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના મુખ્યસચિવ એમ. થેન્નારાસ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . .

# SWASTHA NARI SASHAKT PARIVAR

રાજ્યભરમાં "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાન હેઠળ ગત છ દિવસમાં કુલ 51 હજાર 764 જેટલી આરોગ્ય ચકાસણી શિબિર યોજાઈ. દરમિયાન 28 લાખથી વધુ નાગરિકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધી આઠ લાખ 95 હજાર 613 જેટલા પ્રયોગશાળા પરિક્ષણ અને 37 હજાર 141 જેટલા એક્સ-રે રિપોર્ટ કરાયા. જ્યારે ચકાસણી બાદ 15 હજાર 118 જેટલા નાગરિકોની તપાસ બાદ તેમને સારવાર માટે રિફર કરાયા છે.

અભિયાન હેઠળ છ દિવસમાં 11 લાખ આઠ હજાર જેટલા લોકોનું હાયપરટૅન્શન, 11 લાખ 13 હજાર જેટલા લોકોનું મધુમેહ અને સાત લાખ 31 હજાર લોકોના કર્કરોગની તપાસ કરવામાં આવી. સાથે જ બે લાખ 89 હજાર લોકોની ક્ષયની ચકાસણી કરવામાં આવી. સાથે જ અભિયાન હેઠળ 64 હજારથી વધુ આયુષ્માન કાર્ડ પણ વિતરણ કરાયા.

. . . . . . . . . . . . .

# SWASTH NAARI

રાજ્યભરમાં ચાલી રહેલા સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ દાદરા અને નગરહવેલીમાં મહિલાઓ માટે આરોગ્ય શિબિર યોજાઈ. મહિલાઓને શારીરિક અને માનસિક આરોગ્ય અંગે જાગૃત કરવાના હેતુસર યોજાયેલી શિબિરમાં મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાનની કાળજી , કુટુંબ નિયોજન, પોષણ, સ્વચ્છતા અને વિવિધ રોગથી બચવા અંગે માહિતી અપાઈ.

. .

# AHMEDABAD AYURVED DAY

આયુર્વેદ માત્ર રોગની સારવાર પૂરતું મર્યાદિત નહીં પણ તે રોગને અટકાવવા અને સ્વસ્થ જીવન જીવવાના માર્ગ પર પણ ભાર મૂકે છે. ‘રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ’ નિમિત્તે અમદાવાદની પ્રાદેશિક આયુર્વેદ સંશોધન સંસ્થાના મદદનીશ નિયામક ડોક્ટર કિરણ કાલેએ આ અંગે કહ્યું આયુર્વેદ એ જીવનનું વિજ્ઞાન છે.

(બાઇટ : ડો. કિરણ કાલે- મદદનીશ નિયામક)

. . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................

# GST- PORBANDAR

વસ્તુ અને સેવા કર – GSTના નવા દર લાગુ થવાથી દૂધની બનાવટ તેમજ ડેરીની વસ્તુઓના ભાવ ઘટ્યાં છે. તેને લઈ પોરબંદરનાં ગ્રાહકોએ સંતોષ વ્યકત કર્યો છે. આ અંગે એક ગ્રાહકે પ્રતિક્રિયા આપી.

( બાઇટ : લાભાર્થી ગ્રાહક )

. .

# CHALO JEETE HAI REVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ "ચલો જીતે હૈ" રાજ્યભરના સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. આણંદના એક દર્શકે ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.

(BYTE: VIEWER)

. . . . . . . . . .

# NAVRATRI BIJO DIVAS

-----(GARBA MUSIC) -----

માતાજીની આરાધના અને ભક્તિના પાવન પર્વ નવલાં નોરતાના બીજો દિવસ. આજે માતા બ્રહ્મચારિણીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. અંબાજી , માતાના મઢ સહિતના રાજ્યભરના સુપ્રસિદ્ધ યાત્રાધામ સહિત રાજ્યભરમાં ભક્તો ગરબે ઝૂમી માતાજીની આરાધના કરી રહ્યા છે. અમદાવાદનાં નગરદેવી ભદ્રકાળી માતાજીના મંદિરે પણ માતાજીને વિશેષ શણગાર કરાયો છે. દૂરદૂરથી ભક્તો માતાજીનાં દર્શનાર્થે આવી રહ્યા છે. આ અંગે સાંભળીએ અમદાવાદના અમારા પ્રતિનિધિનો અહેવાલ.

(V/C- ASHISH PANCHAL)

ઉલ્લેખનીય છે કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા નવરાત્રિ નિમિત્તે રાજ્યના નવ માતાજીના દેવસ્થાન અને શક્તિપીઠ ખાતે 28 તારીખે એક દિવસના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. પાવાગઢ શક્તિપીઠ ખાતે શ્રી મહાકાળી માતાજીના મંદિરના ચાચર ચોક ખાતે 28 તારીખે રાત્રે આઠથી 12 વાગ્યા સુધી એક વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમ શેરી ગરબા યોજાશે.

-----(GARBA MUSIC) -----

. . .

# GIDC GATE CLOSE

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અસારવા —હિંમતનગર વિભાગમાં ડભોડા—નરોડા મથક વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નંબર 10 SPL નરોડા GIDC ફાટક 25 અને 26 તારીખે બંધ રહેશે. સમારકામ અને જાળવણી કાર્ય માટે 26 તારીખે રાત્રે આઠ વાગ્યા સુધી આ ફાટક બંધ રહેવાનો હોવાથી લોકો રિંગ રોડ માર્ગ ઓવરબ્રિજ અને નરોડા માર્ગ ઓવરબ્રિજ દ્વારા અવરજવર કરી શકશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . .

# HAVAMAN AAGAHI

હવામાન ખાતાએ  આગામી 24 કલાક દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે.  જોકે,  ત્યારબાદ અન્ય જિલ્લાઓમાંથી ચોમાસું વિદાય લે તેવી શક્યતા છે. દરમિયાન ગાજવીજ સાથે 30-થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે માછીમારો માટે કોઈ ચેતવણી ન હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

. . .

# WEATHER

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. સાંજે છ વાગ્યા સુધીમાં માત્ર 17 તાલુકામાં વરસાદ થયાંના અહેવાલ છે. સૌથી વધુ સાડા ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો.

ડાંગ જિલ્લામાં ભારે વરસાદને કારણે વ્યાપક નુકશાન થયું છે. આહવામાં ભારે વરસાદથી જનજીવનને અસર થઈ છે. જ્યારે પ્રાથમિક શાળામાં પાણી ભરાઈ ગયાં. સાથે જ સાપુતારા અને વઘઈના માર્ગ પર પાણી ભરાતા વાહનોની લાંબી કતાર લાગી હતી. તો અંબિકા, ગીરા, ખાપરી અને પૂર્ણા નદીમાં પૂર કારણે 10 જેટલા કોઝવે પાણીમાં ગરકાવ થયા હતા.

વલસાડના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે મધુબન બંધમાં 53 હજાર 174 ક્યૂસેક પાણીની આવક થતાં બંધની સપાટી 79 મીટરે પહોંચી છે. 10 દરવાજા 1.50 મીટર જેટલા ખોલી એક લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને લઈને દમણગંગા કિનારાના 13 ગામોને સાવચેત કરાયાં છે.

. . . . . .

# BOTAD YOGA CHAMPION

બોટાદનાં યોગ સ્પર્ધક ફાતિમા હિરાણી યોગાસન ક્ષેત્રે રાષ્ટ્રીય વિજેતા બન્યાં છે. હવે તેઓ દેશનું પ્રતિનિધિત્વ કરવા વિએતનામ ખાતે વિશ્વ યોગ સ્પર્ધામાં ભાગ લેશે. શાળામાં ભણતી વખતે તેમણે યોગનું આકર્ષણ અને માર્ગદર્શકની પ્રેરણાથી તાલીમ અને સ્પર્ધામાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. અત્યાર સુધી તેમણે નવ વખત રાષ્ટ્રીય વિજેતા, સાત વખત આંતર-રાષ્ટ્રીય વિજેતા, ચાર વખત રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યા છે. આ અંગે યોગ સ્પર્ધક ફાતિમા હિરાણીએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: FATIMA HIRANI)**

. . . .